# આવો તો રમવાને.... ગરબે ઘુમવાને.... માડી મારે જોવા છે.... તમને રમતાં રે....
















(તસવીર : દિપક જાની)

નવરાત્રીનો જામેલો માહોલ જોતાં એ વાત સૌને સમજાઈ ગઈ છે કે નવરાત્રી હવે સોળે કળાએ ખીલી ઊઠી છે. ગીત-સંગીત અને નૃત્યનો આનંદ લેવા માટે યુવા વર્ગ જાણે હિલોળે ચડ્યો હોય એવાં દ્રશ્યો ન માત્ર પાર્ટી પ્લોટ્સમાં પરંતુ શેરી ગરબામાંય જોવા મળી રહ્યાં છે. અલબત્ત, પાર્ટી પ્લોટ્સમાં અવનવાં ડ્રેસીસની રંગત કંઈક જુદી જ હોય છે ને એમાં મ્હાલતાં જુવાનિયાઓ અને જુવાનડીઓની અદાઓ પણ જોવા જેવી હોય છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ ખાતે લેવામાં આવેલી આ તસવીરો એનો એક નમૂનો માત્ર છે.

## ગાંધીનગરમાં પટેલ,ઓબીસી અને બ્રાહ્મણ ઉમેદવારને સફળતા મળે

### જિલ્લાની નિર્ણાયક પાંચ બેઠકોમાં ૩૫.૨૦ ટકા ઓબીસી,૨૧.૭૦ ટકા પટેલ,૧૬.૧૦ ટકા બ્રાહ્મણ-વણિક અને ૧૫.૫૦ ટકા એસસી મતદાર

**(વિશેષ પ્રતિનિધિ દ્વારા)** ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં આવેલી વિધાસનભાની પાંચ બેઠકો માટે એવું કહેવાય છે કે પટેલ, ઓબીસી અને બ્રાહ્મણ ઉમેદવાર હશે તો તેમને ચોક્કસ સફળતા મળશે, કારણ કે નવા સિમાંકન પછી ગાંધીનગર ઉત્તરમાં પટેલ કે સવર્ણ ઉમેદવાર જોઈશે, જ્યારે દક્ષિણમાં ઓબીસી ઉમેદવાર મેદાન મારી જશે. ખાસ કરીને ઠાકોર જ્ઞાતિના ઉમેદવારને વિજય મળી શકે તેમ છે.

જિલ્લાની કલોલ બેઠકમાં પટેલ ઉમેદવાર જોઈશે. દહેગામમાં ઓબીસી અને માણસામાં પટેલ કે ઠાકોર ઉમેદવારને મતદાનમાં ફાયદો થઈ શકે છે. જ્ઞાતિવાર મતદારો જોઈએ તો જિલ્લામાં સરેરાશ ૩૫.૨૦ ટકા ઓબીસી મતદારો છે.

બીજાક્રમે ૨૧.૭૦ ટકા મતદારો સાથે પટેલ સમાજ આવે છે. ત્રીજાક્રમે ૧૬.૩૦ ટકા સાથે બ્રાહ્મણ-વણિક છે. જિલ્લામાં બ્રહ્મ સમાજ બન્ને પક્ષને ટીકીટ માટે વિનવણી કરી રહ્યો છે, બીજી તરફ ઓબીસીમાં સર્વોચ્ચ એવાં ઠાકોર અને જિલ્લાનો મૂળભૂત પટેલ સમાજ પણ જોર લગાવી રહ્યો છે.

જિલ્લામાં એસસી મતદારોની સંખ્યા ૧૫.૫૦ ટકા છે પરંતું એસસી માત્ર ૧.૨૦ ટકા છે. મુસ્લિમ મતદારો આઠ ટકામાં વહેંચાયેલા છે, જ્યારે અન્ય જ્ઞાતિઓની ટકાવારી માત્ર ૨.૧૦ છે.

ગાંધીનગર શહેર અને માણસાની બેઠક ઉપર ૨૦૦૭માં ભાજપના ઉમેદવાર ચૂંટાયા હતા જ્યારે કલોલ અને દહેગામમાં કોંગ્રેસના ઉમેદવારને

**ગાંધીનગરમાં જ્ઞાતિ અને મતદારો**

| જ્ઞાતિ | ટકા |
|---|---|
| પાટીદાર | ૨૧.૭૦ |
| બ્રાહ્મણ-જૈન | ૧૬.૩૦ |
| એસસી | ૧૫.૫૦ |
| એસટી | ૦૧.૨૦ |
| ઓબીસી | ૩૫.૨૦ |
| મુસ્લિમ | ૦૮.૦૦ |
| અન્ય | ૦૨.૧૦ |

● અનુસંધાન પાન-૭ પર

## નવરાત્રી બાદ ભાજપ દ્વારા ચૂંટણી કામગીરી માટે વિવિધ સમિતિઓની રચના કરાશે

ગાંધીનગર, તા.૧૯

નવરાત્રી બાદ પ્રદેશ ભાજપ દ્વારા ચૂંટણી કામગીરીને લગતી વિવિધ સમિતિઓની રચના કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં જ રાજકીય પક્ષો દ્વારા ઉમેદવાર પસંદગી પ્રક્રિયા સાથે ચૂંટણી લક્ષી કામગીરી આરંભી દેવામાં આવી છે. ઉમેદવારોની પસંદગી માટે જિલ્લા નિરીક્ષકોની નિમણુંકો કરી દેવામાં આવી છે અને ૨૧મીથી નિરીક્ષકો જિલ્લામાં જઈ અભિપ્રાયો મેળવશે અને પ્રદેશ નેતાગીરીને અહેવાલ સુપરત કરશે.

આગામી વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી પ્રચારને લગતી કામગીરી અને તેના સંચાલન માટે ચૂંટણી પ્રચાર સમિતિ શિસ્ત સમિતિ, ચૂંટણી ઢંઢેરા સમિતિ સહિતની વિવિધ સમિતિઓની રચના કરવા માટેની કવાયત પ્રદેશ ભાજપ નેતાગીરી દ્વારા હાથ ધરવામાં આવી છે.

કઈ સમિતિઓમાં કોને નિમવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યા બાદ આ સમિતિઓમાં સભ્યોની નિમણુંકો કરીને નવરાત્રી બાદ આ સમિતિઓની રચના કરી જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ચૂંટણી ઢંઢેરા સમિતી સહીતની કેટલીક મહત્વની સમિતીઓ પ્રદેશ અધ્યક્ષના વડપણ હેઠળ રચવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ચૂંટણી ઢંઢેરા સમિતિ આગામી એક સપ્તાહમાં ચૂંટણી ઢંઢેરો તૈયાર કરી દેશે અને ત્યારબાદ આગામી નવેમ્બર માસના બીજા સપ્તાહમાં ભાજપ તેનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ નવરાત્રીના પર્વ બાદ પ્રદેશ ભાજપ

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં નવરાત્રી સોળે કલાએ ખીલી ઉઠી

### ખેલૈયાઓ અને દર્શકોની સંખ્યા બેવડાઈ ગઈ : જો કે રાત્રે ૧૨ વાગે ગરબા બંધ થઈ જતાં હોવાથી ખેલૈયાઓમાં કચવાટ

ગાંધીનગર, તા. ૧૯

નવરાત્રી મધ્યાંહને પહોંચતા શહેરની રોનક વધી છે. રાત પડતા જ આરતી અને ગરબાના ચારે તરફથી રેલાતા સુર વાતાવરણને આધ્યાત્મિકતા બક્ષે છે. ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાઓ અને દર્શકોથી ચિક્કાર બની ઉભરાઈ રહ્યા છે.

નવરાત્રીનો રંગ જામી રહ્યો છે. મા આદિશક્તિની ઉપાસનાનું આ પર્વ હવે મધ્યાંહને પહોંચતા જ અદ્દ્ભૂત માહોલ સર્જાયો છે. આખુ વર્ષ શાંત રહેતા આ શહેરને નવરાત્રી નવી ઓળખ અપાવે છે. પાંચમા નોરતે તો શહેરમાં અદ્દ્ભુત માહોલ સર્જાયો હતો. સેક્ટરે સેક્ટરે યોજાઈ રહેલા ગરબાઓમાં ખુબ ભીડ જામે છે. તો પાર્ટીપ્લોટના ગરબાઓનું આકર્ષણ પણ આ વર્ષે વધ્યુ છે. ખાસ કરીને ગુલાબ ઉદ્યાનની પાસે યોજાઈ રહેલા

● અનુસંધાન પાન-૭ પર

## ગરબા ગ્રાઉન્ડમાં આવતા રાજકીય અગ્રણીઓ ગભરાય છે

ગાંધીનગર, તા. ૧૯

ચૂંટણીની આચારસંહિતાના કડક અમલના કારણે રાજકીય નેતાઓ-અગ્રણીઓ ગરબામાં હાજર રહેતા ખુબ ગભરાય છે. ગરબા જોવા જવાની પરવાનગી હોવા છતાં ચૂંટણીના માહોલમાં રાજકીય અગ્રણીઓ નવરાત્રીથી દૂર રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

### છઠ્ઠા દિવસે દુર્ગા શ્રી કાત્યાયની

આદિશક્તિ દુર્ગાનું છઠ્ઠુ સ્વરૂપ એટલે શ્રી કાત્યાયની. મહર્ષી કાત્યાયનીની તપસ્યાથી પ્રસન્ન થઈને આદિ શક્તિએ તેમના ઘરે પુત્રી સ્વરૂપે જન્મ લીધો હતો. એટલા માટે તે શ્રી કાત્યાયની કહેવાય છે. નવરાત્રીના છઠ્ઠા દિવસે આમની પુજા અર્ચના કરવામાં આવે છે. શ્રી કાત્યાયનીની ઉપાસના



કરવાથી આજ્ઞા ચક્ર જાગૃત થવાથી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. તે આ લોકમાં રહીને પણ અલૌકિલ તેજ અને પ્રભાવ મેળવે છે. તેમજ તેના રોગ, ભય, સંતાપ, શોક, બધીજ વ્યથાઓનો નાશ થઈ જાય છે.




SANGHI CEMENT | Kisan | TMT BARS - ISI | SANGHI STEEL - ISI | BENELAVE | FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com